# પાલણપુર રાજયમાં પડેલા દુષ્કાળો

પ્રો.દિપકભાઇ મોહનભાઇ પટેલ
જી.ડી.મોદી કોલેજ ઓફ આટર્સ,
પાલનપુર.

ઇ.સ.૧૬૩૫માં દીવાન ફીરોઝખાન પહેલાએ પાલણપુર રાજયની સ્થાપના કરી હતી.ઇ.સ.૧૬૩૫ થી ૧૯૪૮ સુધી દીવાન શાસકોએ શાસન કર્યું. હતું.દીવાન શાસકોના શાસનમાં પ્રજા એકંદરે સુખી હતી. આ સુખનો આધાર વરસાદ પર હતો. રાજ્યની ખેતી આકાશી હતી. વારંવાર અનાવૃષ્ટિ થતી તેથી સમગ્ર પ્રદેશ દુષ્કાળનો ભોગ બનતો. તેમાં ગુજરાત વ્યાપી કે ભારત વ્યાપી દષ્કાળ પડે ત્યારે તો અહીંના લોકોનું જીવન નરક જેવુ થઇ જતુ. આવા ભીષણ દુષ્કાળો મુઘલ, મરાઠા અને બ્રિટીશકાલ દરમિયાન પાલણપુર રાજ્યમાં પડયા હતા.

## ૧. ઇ.સ.૧૭૪૭નો દુષ્કાળ :-

આ દુષ્કાળ ઇ.સ.૧૭૪૭ માં પડયા હતો. તેથી તે 'તીણોતરો' તરીકે ઓળખાય છે. આ વર્ષે પાલણપુર રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ ઓછો પડયા હતો, અનાજનું ઉત્પાદન ઘણું ઓછુ થયુ. તેથી ઝાડના મૂળીયાં અને ઢોરનું માંસ ખાઇને લોકોએ દિવસો પસાર કર્યા હતાં.

- ઇ.સ.૧૭૫૬ અને ૧૭૮૫ માં પણ દુષ્કાળ પડયા હતો.
- ઇ.સ.૧૭૯૦-૯૧ નો દુષ્કાળ :-

આ દુષ્કાળ વિ.સ.૧૮૪૭ માં પડયા હોવાથી તે સુડતાલોના નામે ઓળખાય છે. આ દુષ્કાળમાં લોકો અન્ય પ્રદેશમાં હિઝરત કરી ગયા હતાં. કેટલાક ગામડા ઉજ્જડ બની ગયા.

-ઇ.સ.૧૮૦૪ નો દુષ્કાળ.

## ૨. ઇ.સ.૧૮૧૩નો દુષ્કાળ :-

મુઘલ અને મરાઠાકાલની જેમ બ્રિટીશકાલમાં પાલણપુર રાજ્યમાં દુષ્કાળો પડયા હતાં. ઇ.સ.૧૮૧૧ માં વરસાદ ન પડવાથી અનાજ પાક્યુ નહિં. ઇ.સ.૧૮૧૨ માં વરસાદ પડવાથી સારો પાક ઉતરવાની આશા હતી પણ એ વર્ષમાં તીડોના ટોળાં ઉતરી આવ્યા અને અનાજનો નાશ કરી નાખ્યો. લોકો ઝાડની છાલનો ભૂક્કો કરી તથા ભીખ માગી કે ચોરી કરી થોડો લોટ મેળવી એકો કરી તેના રોટલા કરી ખાતા. કેટલાક લોકો જેઓ માંસાહારી હતા તેઓ ગાયો, ભેંસો વગેરે ઢોરો ચોરી જઇ મારી નાખી તે ઉપર ગુજરાન ચલાવતા. વળી એટલેથી સંતોષ ન થતાં વધારે ભૂખમરો ચાલવા લાગ્યો ત્યારે માણસ માણસને ખાવા લાગ્યો હતો. ભૂખમરો એટલો બધો ચાલ્યો કે જેઓ જીવતા હતા તેઓના ઘરમાં મરી ગયેલા માણસના મડદા પડેલા હતા. તેમન બાળવા અથવા ભૂમિદાહ દેવા લઇ જવાની શક્તિ ન હતી. આવા સમયે ઇ.સ.૧૮૧૩ના વર્ષના દુષ્કાળમાં પાલણપુરના દીવાને રૂ.૧ નું ૬ શેર પ્રમાણે ભરી રાખેલું અનાજ લોકોને વેચવા માંડયું હતું. તે ઉપરાંત લોકોની રોજી પેદા કરવા સારુ જાહેર ઉપયોગના કામો શરૂ કરી ગરીબોને રોજી આપી તેમજ અનાજના રાજ્ય બહાર નિકાસનો પ્રતિબંધ દીવાને મૂક્યો હતો.[1]

## ૩. અગણોતરો :-

આ દુષ્કાળ (વિ.સં.૧૮૬૯) ઇ.સ.૧૮૧૨-૧૩ માં પડયા હતો. તેથી તેને અગણોતરો તરીકે ઓળખવામાં આવે છે. પડતા પર પાટુની માફક આ દુષ્કાળના વર્ષમાં તીડ પા અને ખેતરોમાં ઘાસ રહેવા દીધુ નહિં. મારવાડમાંથી લોકોના ટોળે ટોળાં ગુજરાતમાં આવ્યા હતાં. જેમણે દુષ્કાળ રાહત માટે મંગાવેલુ અનાજ પણ લૂંટી લીધુ. આવા મારવાડીઓ 'માઉ' તરીકે ઓળખાતા.

દુષ્કાળ અથવા કોઇ સંકટ આવી પડવાથી ઘરબાર છોડીને લોકો ભટકતા ફરે છે. તે 'માઉ'ના નામે ઓળખાતા હતા. આમ તો મારવાડના વાણિયા પણ 'માઉ' કહેવાતા અને તેઓ કચ્છ તથા સૌરાષ્ટ્રમાં રહે છે. 'માઉ' શબ્દનો બીજો અર્થ દુ:ખી થતો હતો. મારવાડમાં કાળ પડે ત્યારે ત્યાંના ઝનુની લોકો દેશાંતરમાં નિર્વાહ માટે ભટકતા ફરે છે. તેને મારવાડની 'માઉ' કહે છે. આ માઉ લોકોએ ગુજરાતમાં કેર વર્તાવ્યો હતો.[૨]

આ દુષ્કાળ પછી ઇ.સ.૧૮૩૪ માં અનાવૃષ્ટિ થઇ. પાલણપુર રાજ્યના દીવાનશ્રી ફતેહખાનજીએ પ્રજાનો કર માફ કર્યો. ભંડારામાંનું અનાજ જરૂરિયાત મંદોને વહેંચ્યુ.[3]

રાજ્યમાં ઇ.સ.૧૮૩૯, ૧૮૪૨ અને ૧૮૪૯ ના વર્ષે દુષ્કાળ પડયા હતો.

ઇ.સ.૧૮૫૫ માં અતિવૃષ્ટિ થઇ ત્યારે રાજ્યના દીવાનશ્રી જોરાવરખાનજીએ રાજ્યની પ્રજાનો કર માફ કર્યો. જરૂરિયાતવાળા લોકોને મદદ કરી હતી તેમજ ઇ.સ.૧૮૬૧ માં કમોસમી વરસાદ પડતાં ખેતી નાશ પામી હતી. અનાજના કોઠારો ખાલી રહ્યા. ખેડૂતો મુશ્કેલીમાં મૂકાતાં દીવાન જોરાવરખાનજીએ પ્રજા માટે ઉદાર સખાવતો શરૂ કરી. અનાજ આપ્યુ તથા ગરીબો માટે ભોજનાલયો શરૂ કર્યા.

ઇ.સ.૧૮૬૯ માં પાલણપુર રાજ્યમાં દુષ્કાળ પા. લોકોએ રોજી રોટી માટે વતન છોડી હિજરત શરૂ કરી. રાજ્યના દીવાનશ્રી જોરાવરખાનજીઅ રાજ્યની તેમજ બહારથી આવેલી પ્રજાનું રક્ષણ કર્યું. પ્રજા માટે ભોજનાલયો શરૂ કર્યા, રહેવાની વ્યવસ્થા કરી. સારા અને સુખી લોકોને દાન આપવા દીવાન જોરાવરખાનજીએ કહ્યું કે પ્રજાને કામ આપ્યુ. આ સમયે પાલણપુરથી ડીસા જવાનો માર્ગ તૈયાર થયો.

થોડાક વરસાદથી ઉગી નીકળેલુ અનાજ તીડોના ાાસથી નાશ પામ્યુ. આ દુષ્કાળ એક વર્ષ સુધી ચાલ્યો. તેમાં ઘણાં લોકો મૃત્યુ પામ્યા. ધંધા રોજગાર નાશ પામ્યા, સરકારની આવક ઘટી ગઇ. ઇ.સ.૧૮૭૧ માં વતનથી દૂર ગયેલા લોકો કમાઇને પાછા આવ્યા. તેમણે રાજ્યને દાન આપ્યુ. ઇ.સ.૧૮૭૨ માં કુદરતી દુર્ઘટના અગ્નિ બળતો હોય તેવો કેસરી રંગનો પ્રકાશ ઉત્તરી આકાશમાં દેખાવા લાગ્યો. અભણ જનતા કુદરતનો કેર સમજવા લાગી.[૪]

ઇ.સ.૧૮૭૯ માં તીડોનો ત્રાસ વધ્યો. તેથી ખેતીને નુકસાન થયું. આ સમયે દીવાનશ્રીએ ખેડૂતોને લોન આપી. અનાજની દુકાનો ખોલાવી. તેમજ ખેતીવાડીને ઉત્તેજન આપવા કૂવા ખોદાવ્યા એટલુ જ નહિં ગરીબ ખેડૂતોને બળદો ખરીદવા અને ખેતીવાડીના ઉપયોગ માટેના ઓજારો ખરીદવા માટે મદદ કરી હતી. તેમજ ઇ.સ.૧૮૯૨ માં વેઠની પ્રથા નાબુદ કરી.[૫]

**૪.છપનોકાળ :-**

આ તમામ દુષ્કાળોમાં લોકો જેની ભીષણતાને આજે પણ યાદ કરે છે તે છપ્પનીયો કે છપનો દુષ્કાળ વિ.સં.૧૯૫૬ અર્થાત ઇ.સ.૧૯૦૦ માં પડયા હતો. આ દુષ્કાળે લોકોને તથા રાજ્યને મોટુ નુકસાન કર્યુ છે. રાજ્ય તરફથી શરૂઆતમાં દુષ્કાળના કામનું આયોજન શરૂ કરવામાં આવ્યુ હતું. ઓગસ્ટ ૧૯૦૦ સુધીમાં દુષ્કાળો માટે એજન્સીએ આ રાજ્યવતી સરકાર પાસેથી રૂ.આઠ લાખની રકમનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

| | |
|---|---|
| (૧) હડમતીયાનું તળાવ | ૨,૭૭,૧૨૫/- |
| (૨) પાલણપુરથી ડીસાનો માર્ગ | ૨,૦૯,૭૨૭/- |
| (3) ચિત્રાસણીમાં પથ્થર તોડવાનું કામ | ૧,૧૬,૬૯૫/- |
| (૪) ગોબરી તળાવ | ૭૭,૫૨૨/- |

(૫) માનસરોવર ઊંડું કરવા માટે ૫૩,૭૪૦/-

(૬) જગાણાનું તળાવ ૩૬,૭૬૮/-

ઇ.સ.૧૮૯૯-૧૯૦૦ ના દુષ્કાળમાં ખેડૂતોને રૂ.૫૦,૦૦૦/- ની મદદ કરવામાં આવી હતી. ઇ.સ.૧૯૦૧-૦૨ ના વર્ષમાં રૂ.૭૫૦૦૦/- સરકાર પાસેથી લીધા. તેમાંથી રૂ.૨૫૦૦૦/- રોહોથી લોલન પહાડ સુધી ગાડા રસ્તો બનાવ્યો હતો. જેથી અંબાજી જનાર યાત્રાળુઓને લાભ થાય.[૬]

## ૫. ઇ.સ.૧૯૧૫ નો દુષ્કાળ :-

છપ્પનિયા દુષ્કાળ પછી, ઇ.સ.૧૯૧૫ માં ઓછો વરસાદ પડતાં રાજ્યમાં દુષ્કાળની અસર થઇ હતી. નવાબજાદા તાલેમહમંદખાનજીએ રાજ્યમાં ખેડૂતોને ઘાસના સંગ્રહ માટે આદેશ આપ્યો હતો. નવાબજાદા યાવરહુસૈનખાનજીએ રાજ્યમાં ઘાસના બીડોની તપાસ કરાવી હતી. રાજ્યના મહેસુલ સચિવે રાજ્યના વિસ્તારોની મુલાકાત લઇ ઘાસની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. રાજ્યે દુષ્કાળ જાહેર કર્યો ન હતો. રાજ્યના ખેડૂત વર્ગમાં રાહતકાર્યોની જરૂર ન હતી. રાજ્યે સિંચાઇ કર, પશુઓની મુક્ત રીતે હેરફેર, ઘાસ અને અનાજ પરના કરમાંથી મુક્તિ આપી તેમજ જંગલ સંપત્તિના વપરાશ પર કરમાંથી રાહત આપી હતી. ઘઉંની નિકાસ પજાર પ્રતિબંધ મૂકી દીધો હતો. ગરીબ અને અશક્ત લોકો માટે મોહતાજખાના ખુલ્લુ મૂકવામાં આવ્યુ.[૭]

પાલનપુર રાજયમાં પડેલા દુષ્કાળો દરમિયાન રાજયના દીવાન શાસકોએ પ્રજા માટે લોકકલ્યાણના કામો શરૂ કરી જે લોકો સશકત હતા તેમને રોજગારી આપી હતી. જે લોકો વૃધ્ધ અને ગરીબ હતા.તેમના માટે ભોજનાલયો શરૂ કરીને વિના મૂલ્યે ભોજન આપ્યુ હતુ.તેમને જરૂરી સહાયકરી.રાજયધર્મનું. પાલન કર્યુ હતું.

પાદનોંધ

(૧) શાહ ધનશ્યામભાઇ 'અર્થાત' સેન્ટરફોર સોશિયલ સ્ટડીઝ ત્રમાસિક,જુલાઇ,સપ્ટેમ્બર,ઓકટ –ડિસે. ૨૦૦૪ ગ્રંથ ૨૩ અંક ૩, ૪ પ. ૫૦ દ,ગુ,યુનિ.સુરત.

(૨) ફાર્બસ એલેકઝાન્ડર કિનલોક,રણછોડભાઇ ઉદયરામ ભા.ક.રાસમાલા ભાગ-૧ ઇ.સ.૧૯૨૨ પૃ.૧૯૨

(૩) પાલણપુર રાજયનો ઇતિહાસ,ભાગ-૨ ગુજ.અનુવાદ બડેબાબા લે.સંકલન પ્રા.ડી.એમ.પટેલ પૃ.૩

(૪) એજન.પૃ.૬,૭

(૫) એજન.પૃ.૧૪

(૬) માસ્તર ફરામરોજ સોરાબજી,પાલણપુર એજન્સી ડિરેકટરી.ભાગ-૧ પૃ.૫૨.૫૪

(૭) પાલનપુર રાજય વાર્ષિક વહીવટ અહેવાલ-ઇ.સ.૧૯૧૫-૧૬ પૃ.૧૧,૧૨.